સુવિચાર
કશું માંગ્યા વગર મળે એવી સ્થિતિ નિર્માણ થાય એ આદર્શ વ્યવસ્થા છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૩/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨. (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ ફાગણ સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૦૮૭


## બાબરાનાં માર્કેટયાર્ડમાં દરરોજ ૫૦૦ મણથી વધારે ઘઉંની આવક

# ભૈ વાહ : અનાજનાં રાજા ગણાતાં ઘઉંની મોસમ પુરબહારમાં ખીલી

**ખેતરે-ખેતરે આધુનિક મશીનથી ઘઉં વાઢવાની કામગીરી થતી જોવા મળી રહી છે**

**બાબરા સહિતનાં પંથકમાં ઘઉંની જેમ જીરૂ, ચણાનું પણ ઉત્પાદન સારૂ થાય છે**

**લોકવન અને ટુકડા એમ બે જાતનાં ઘઉંનું વધારે ઉત્પાદન**

**ખેડૂતમાં ઘઉંનો ભાવ ૪૦૦ થી ૬૦૦ સુધી મળતાં સંતોષનો માહોલ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરા તાલુકા માં અનાજનો રાજા ગણવામાં આવતા ઘઉંની સિઝન ફૂલબહારમાં ખીલી ઉઠી છે. ખેડૂતો હાલ આધુનિક મશીન વડે ઘઉંને વાઢવા માટેની કામગીરીમાં જોવા મળી રહ્યા છે. જોકે ગત વર્ષની સરખામણીમાં વાવેતર તેમજ ઉત્પાદન ઓછું હોવાનું પણ ખેડૂત અગ્રણી દિનેશભાઈ પોકીયા દ્વારા જણાવ્યું હતું.

બાબરા તાલુકામાં શિયાળું પાક જીરૂ, ચણા, ઘઉં અને ધાણા મુખ્ય પાકો હોય છે. જેમાં સૌથી વધુ જીરૂ અને ચણાનું વધુ વાવેતર અહીં કરવામાં આવે છે અને ત્રીજા નંબરે ખેડૂત ઘઉંનું વાવેતર કરે છે. ચાલુ વર્ષે ૩૦ થી ૪૦ ટકા જેટલું વાવેતર ઘઉંમાં ઓછું રહ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે. એક સમય હતો કે ખેડૂતો ઘઉંનું મોટાભાગે વાવેતર કરી સારૂં ઉત્પાદન મેળવતા પણ ધીમે ધીમે કોઈ કારણોસર ચણા અને જીરૂ તરફ ખેડૂતો વળી જતા ઘઉંનાં વાવેતરમાં ઘટાડો નોંધાતો ગયો. અમુક ખેડૂતો તો માત્ર ઘરે ખાવામાં ઉપયોગ અર્થે વાવેતર કરે છે જયારે અમુક ખેડૂતો વેચાણ અર્થે પણ કરે છે.


આ બાબતે સ્થાનિક ખેડૂત અગ્રણી દિનેશભાઈ પોકિયાએ જણાવ્યું હતું કે, તાલુકામાં શિયાળું પાકમાં ઘઉંની ખેતીમાં બાબરા તાલુકામાં ખેડૂતો

અનુસંધાન પાના ૬ ઉપર

## રોમાંચક વિડીયો પ્રકાશમાં આવ્યો

# સાવરકુંડલાનાં કૃષ્ણગઢ ગામ નજીક સાત સિંહોએ ભૂંડનો શિકાર કરી મિજબાની માણી

**બચ્ચા સાથે સિંહણના વસવાટ વચ્ચે વધુ એક સાત સિંહોનું ગ્રુપ આવી ચડયું**



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૨૩

સિંહોના ગઢ એવા અમરેલીના ગ્રામ્ય વિસ્તારનો જવલ્લે જ જોવા મળતો સિંહોનો એક રોમાંચક વિડિયો સામે આવ્યો છે. એકી સાથે સાત સિંહોએ ભૂંડનો શિકાર કરી ખુલ્લા ખેતરમાં મિજબાની માણી હતી. સાવરકુંડલાના કૃષ્ણગઢ ગામના પાદરમાં આવેલ ખુલ્લા ખેતરમાં ભૂંડ પાછળ દોડી શિકાર કર્યો હતો. ગામમાં આવેલ અવેડામાં સાતેય સિંહોએ પાણી પી શિકાર ઉપર વ્હેલી સવારે ધાવો બોલાવી દીધો હતો. સાત સિંહોના ગૃપમાં બે સિંહણ, એક સિંહ, બે પાઠડા નર અને બે માદા સિંહણનો સમાવેશ છે. સાવરકુંડલાના આંબરડી, કૃષ્ણગઢ, ખોડીયાના સહિતના રેવન્યુ વિસ્તારોમાં સિંહોનું આ બીજું ગૃપ આવી ચડયું છે. ત્યારે અગાઉ લાંબા સમયથી ચાર બચ્ચાં સાથે એક સિંહણનો પણ આ વિસ્તારમાં કાયમી વસવાટ છે અને વધુ એક સાત સિંહોનું ગૃપ આવી ચડતા ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ફફડાટ જોવા મળ્યો છે. રાત્રિ રખોપું કરી ટ્રેક્ટર લઈ ઘરે પરત ફરતા એક રાહદારીએ આ અદભુત નજારો મોબાઈલમાં કેદ કરી લીધો.

## ભૂંકપનાં આંચકાનું પ્રમાણ વધ્યું

# ધારીનાં વીરપુર સહિતનાં વિસ્તારમાં ભૂકંપનો હળવો આંચકો

**ગ્રામજનો ઘરની બહાર દોડયા**





અમરેલી, તા. ૨૩

ધારીનાં ગ્રામ્ય વિસ્તારમાં આવેલ વિરપુર સહિતનાં વિસ્તારમાં ભૂકંપનો હળવો આંચકો આવતાં ગામજનો ઘરની બહાર દોડયા હતા.

ગાંધીનગર ખાતેનાં સિસ્મોલોજી વિભાગે ભૂકંપની તિવ્રતાનો આંચકો ૧.૭નો હોવાનું જણાવ્યું હતું.

## જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે

# અમરેલી જિલ્લાનાં ૨ ઈસમોને ‘પાસા’ હેઠળ જેલ હવાલે કરાયા

**પાલનપુર અને વડોદરા જેલમાં મોકલી દેવાયા**

અમરેલી, તા. ૨૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે આગામી લોકસભા સામાન્ય ચુંટણીના અનુસંધાને અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ અમરેલી જિલ્લામાં ચોરી, લુંટ સહિતના મિલકત–સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઈસમો કે જે નાગરિકોની માલ–મિલ્કતની ચોરી કરતા હોય. આવા મિલકત સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને અને આગામી લોકસભા સામાન્ય ચુંટણી દરમ્યાન તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઈ શકે તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલે અમરેલી જિલ્લા





તથા અન્ય જિલ્લાઓમાં ચોરીઓના ગુનાઓ કરતા ઈસમ રાજવિર ભરતભાઈ ઉર્ફે ભારૂભાઈ ભાભોર (રહે. આંબલી ખજુરીયા, નીનામા ફળીયુ, તા. ગરબાડા, જિ.દાહોદ) તથા દિલીપ ઉર્ફે મિસ્ત્રી મનસુખભાઈ પરમાર, (રહે. રાજસ્થળી, તા.જિ. અમરેલી) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી તરફ મોકલી આપેલ હતી. લોકોની માલ–મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા ઈસમની સમાજ–વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત બંને ઈસમ વિરુધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં એલ.સી.બી. ટીમ દ્વારા રાજવિર ભરતભાઈ ઉર્ફે ભારૂભાઈ ભાભોરને જિલ્લા જેલ પાલનપુર ખાતે તથા દિલીપ ઉર્ફે મિસ્ત્રી મનસુખભાઈ પરમારને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.


અમરેલી એક્સપ્રેસ
અંક બંધ
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય તા.૨૫/03/૨૦૨૪ ને સોમવારે ધુળેટી પર્વને લઈને સંપુર્ણ બંધ રહેશે. જેથી મંગળવારનો અંક પ્રસિધ્ધ થશે નહી. બુધવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની સર્વે વાંચકો, વિજ્ઞાનદાતાઓ અને એજન્ટ મિત્રોએ નોંધ લેવી..
તંત્રીશ્રી..



Aikyam ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
■ શું આપને ઉદાસી રહે છે ? ■ રડવું આવે છે ?
■ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮



મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૯૦૧૭ ૯૯૭૫૭
કિશનભાઈ મો.૯૯૨૫૧ ૯૧૧૮૪
મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫



શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮



જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર.....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
“અમરેલી એક્સપ્રેસ” દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
58,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૩/૦૩/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
© 95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

# અમરેલી : માર્કેટયાર્ડની ઈન્ટરનેશનલ સહકાર તાલીમના સહભાગીઓ લીધી મુલાકાત



અમરેલી ખાતે સી.આઈ. સી.ટી.એ. એન.સી.યુ. આઈ અને અમરેલીજિલ્લાસહકારીસંઘનાસયુંકત ઉપક્રમે આયોજીત ઈન્ટરનેશનલ સહકારી સેમિનાર અંતગર્ત તમામ સહભાગીઓએ એ.પી.એમ.સી. અમરેલીની મુલાકાત લીધી હતી. ત્યારે એ.પી.એમ.સી. ના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી દ્વારા તમામ સહાભાગીઓનું સ્વાગતસહસન્માનકરવામાંઆવેલહતું. તેમજતમામસદસ્યોનેએ.પી.એમ.સી. બતાવામાં આવી હતી અને તેના વિષે માહિતી આપવામાં આવી હતી ત્યારે અમરેલીજિલ્લાસહકારીસંઘનાઅધ્યક્ષ મનીષ સંઘાણી, એ.પી.એમ.સી. ના ચેરમેન શૈલેષભાઈ સંઘાણીએ, પી.પી સોજીત્રા, તમામ ડાયરેક્ટર . સી. યુ. આઈ ડેપ્યુટીચીફએક્ઝિક્યુટીવસાવિત્રી સિંઘ, ઈન્દ્રપ્રીત કાર, જોન જી અમરેલી જિલ્લા સહકારીસંઘનાઅનેઆકાર્યક્રમ ના કોર્ડિનેટર ભાર્ગવત્રિવેદી, શ્રીલંકા, નેપાળઅનેભારતનાતમામવિવિધ રાજયો ના સહભાગી એ ઉપસ્થિત રહ્યા હતા.

### ધોળકીયા ફાઉન્ડેશનનું આયોજન

## દુધાળા હેતની હવેલી ખાતે આજે પદ્મ પુરસ્કૃત સ્નેહમિલન યોજાશે

**રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવીંદ સહિત વિશેષ વ્યકિતઓ ઉપસ્થિત રહેશે**

લીલીયા, તા. ૨૩

લાઠી તાલુકાના દુધાળા હેતની હવેલી ખાતે આગામી તા. ૨૪/૩/૨૪ રવિવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે ધોળકીયા ફાઉન્ડેશન ના પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા દ્વારા પદ્મ પુરસ્કૃત સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવેલ છે.

જેમા માન. રાજયપાલ આચાર્ય દેવવ્રતજી ભારતના ૧૪ માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સહિત પદ્મ પુરસ્કારથી સન્માનીત પદ્મ વિભુષણ–પદ્મ ભુષણ પદ્મશ્રી વિશેષ વ્યકિતઓ ઉપસ્થિત રહી સંવાદ ગોષ્ઠી કરશે. સમગ્ર આયોજનને સફળ બનાવવા પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાના માર્ગદર્શન તળે બ્રિજેશભાઈ ધોળકીયા, નિતીનભાઈ સાવલીયા, જીજ્ઞેશભાઈ, કનકભાઈ પટેલ સહિતના સભ્યો જહેમત ઉઠાવી રહયા છે.

### સાવરકુંડલાના તત્કાલીન પીઆઈનાં અપડાઉન પાછળ

## હે રામ : ૫૦૦ દિવસની નોકરી અને પાંચ લાખ રૂપિયાનો ધુમાડો : જનતાનાં પરસેવાનાં પૈસાનુ પાણી

**વ્હીસલ બ્લોઅર પ્રતાપ ખુમાણની રજુઆત**

સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા શહેરમાં ટાઉન પીઆઈ તરીકે ફરજ બજાવતા આ અધિકારીની થોડા દિવસો પહેલા જ ઓચિંતા જ અમરેલી બદલી કરી નાખવામાં આવી છે. આ પોલીસ અધિકારીની સાવરકુંડલા શહેર પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે તારીખ ૩ નવેમ્બર ૨૦૨૨ ના રોજ નિમણૂક થઈ હતી.આ પોલીસ ઈન્સ્પેક્ટરે પોતાની સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોકરી દરમિયાન નિયમ મુજબ હેડક્વાર્ટરમાં જ નિવાસસ્થાન હોવું ફરજિયાત હોય છે. આમ છતાં કાયદાના રક્ષક દ્વારા જ કાયદાનો ભંગ કરી અમરેલી જિલ્લા મથકે જ પોતાનું નિવાસસ્થાન રાખેલ અને નવાઈની વાત એ છે કે સરકાર દ્વારા ફાળવવામાં આવેલ સરકારી વાહન કાયમ માટે ડેઈલી સર્વિસ આ પોલીસ અધિકારીને અમરેલી સ્પેશિયલ તેડવા મૂકવા સવાર સાંજ નિયમિત જતું હતું એટલે કે સાવરકુંડલા થી આ સરકારી વાહન દરરોજ સવારે અમરેલી તેડવા જાય અને દરરોજ રાત્રે ડયુટી પૂર્ણ થયા બાદ અમરેલી ડ્રોપ કરવા જાય એટલે કે પબ્લિકના પૈસે દરરોજ સરકારી જીપ સવારે સાવરકુંડલા થી અમરેલી રિટર્ન ૭૦ કી.મી. અને સાંજે પરત રિટર્ન ૭૦ કી.મી. એમ દરરોજ ૧૪૦ કી.મી. દોડ્યા જ કરતી. નવાઈની વાત એ છે કે, ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી પણ સાવરકુંડલામાં જ ભાડાના મકાનમાં નિવાસ કરતા હતા. જયારે સાવરકુંડલા શહેર જેવા અતી સંવેદનશીલ પોલીસ સ્ટેશનનો ચાર્જ સંભાળતા હોવા છતાં આ અધિકારી બિંદાસ રીતે હેડક્વાર્ટરમાં નિવાસ કરવાને બદલે ૩૫ કી.મી. દૂર અમરેલી નિવાસ કરતા હતા.

જો સાવરકુંડલા શહેર પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે તા.૩/૧૧/૨૦૨૨ થી તા. ૧૬/૩/ ૨૦૨૪ ફરજ દરમિયાન એટલે કે કુલ ૫૦૦ દિવસ દરમ્યાન દરરોજ સાવરકુંડલા અમરેલી વચ્ચે ૧૪૦ કિલોમીટર સરકારી જીપ દોડાવવામાં આવી જેનો એક લિટર ડિઝલ ૧૦૦ ખર્ચ ગણીએ તો દરરોજના ઠ ૧૦૦૦ ડીઝલનો ખર્ચ થાય એટલે કે આ અધિકારીએ પોતાની ૫૦૦ દિવસની ફરજ દરમિયાન અંદાજે રૂપિયા ૫ લાખના ડીઝલનો ધુમાડો ફક્ત પોતાના આવવા જવા માટે જ પ્રજાના પૈસા કરી નાખ્યો. આ ખર્ચમાં સરકારી ડ્રાઈવર નો પગાર, ઓઈલ, ટાયર જેવો ધસારો થયો તે અલગ હવે સાવરકુંડલાની પ્રજાને પોતાના રક્ષણ માટે નિમાયેલા આ અધિકારી કેટલા મોંઘા પડ્યા એ વિચારવું રહ્યું. આ બાબતે સાવરકુંડલા સોશિયલ એક્ટિવિસ્ટ અને વ્હિસલ બ્લોઅર પ્રતાપ ખુમાણ દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી અમરેલી, ગૃહ મંત્રી ગુજરાત. રાજય,ગ્રહ સચિવ ગુજરાત રાજય, ભાવનગર રેન્જ આઈ જી, રાજય પોલીસ વડા ગાંધીનગર ગુજરાત રાજયને પત્ર દ્વારા જાણ કરવામાં આવી છે. આ બાબતે ઉચ્ચસ્તરીય તપાસ કરી પ્રજાના પૈસે તાગડધિન્ના કરતા આવા વર્તમાન રાજાઓ ઉપર દાખલા રૂપ પગલાંઓ લેવાવા જોઈએ. સરકારી તિજોરીનો આવો દુરુપયોગ રોકવા કડકમાં કડક દાખલા રૂપ કાર્યવાહી કરી આ તમામ રકમ આધારિત અધિકારીના સરકારી પગારમાંથી કપાત કરી વસૂલવી જોઈએ. તેવી રજુઆત કરવામાં આવી છે.

## સાવરકુંડલાના પત્રકારનો આજે જન્મ દિવસ

સાવરકુંડલા, તા. ૨૩



સાવરકુંડલાના યુવા પત્રકાર અને સગર સમાજનું ગૌરવ એવા જીગ્નેશ ગળથીયાને જન્મ દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ નાની વયમાં મીડિયા ક્ષેત્રે હરણ ફાળ ભરનાર જીગાભાઈને આજે જન્મદિન નિમિતે તમામ પત્રકાર મીત્ર વર્તુળ તથા સગા સંબંધીઓ સ્નેહીજનો તરફથી શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ રહી છે.

## બગસરામાં જૈન દેરાસર દ્વારા ફ્રી છાશ વિતરણ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૩

બગસરામાંફાગણસુદતેરસ ઢેબરા તેરસ નિમિત્તે બગસરા જૈન દેરાસર દ્વારા લોકોને ફ્રી છાશ વિતરણ કરી પીવડાવવામાં આવી હતી.

જેમાં આ ભર ઉનાળે કડકડતાતાપમાનલોકોનેછાશપીવડાવી ટાઢક કરી જૈન દેરાસર બગસરા દ્વારા ધન્યતા અનુભવી હતી. જે તસ્વીરમાં નજરે પડે છે.

## અમરેલી ખાતે શહીદ દિન નિમિતે શહીદોને પુષ્પાંજલી અર્પણ કરાઈ



અમરેલી, તા. ૨૩

અમરેલી ખાતે શ્રી સરદાર પટેલ ગ્રુપ ના સ્થાપક પ્રમુખ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ શ્રી સરદાર પટેલ ગ્રુપ દ્વારા દેશના સ્વતંત્રતા અને સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર શહીદ ભગતસિંહ, રાજગુઢ અને સુખદેવ અને ૨૩ માર્ચના રોજ ફાંસી આપવામાં આવેલ જેવોને યાદ કરી શહીદ દિવસ પર શ્રી સરદાર પટેલ ગ્રુપ ના સદસ્યો દ્વારા તેવોની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરી તેવોને ચરણોમાં વંદન કરવામાં આવ્યા હતા.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન

## આગામી લોકસભાની ચુંટણીમાં ઈલેક્ટ્રોલ બોન્ડ ભાજપને કરશે કિલન બોલ્ડ

**ભાજપનાં રાજમાં કરોડો રૂપિયાનાં કૌભાડ થયાનો આક્ષેપ**

અમરેલી, તા. ૨૩



કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ભ્રષ્ટાચારની પર્યાય બની ગઈ છે, કેન્દ્રની ભાજપ સરકારમાં રોજ દિવસ ઉગેને નવું કેભાંડ બહાર આવે છે, ભારત દેશના ઈતિહાસમાં સૌથી વધુ કૌભાંડો ભાજપની નરેન્દ્ર મોદી સરકારમાં થયા છે, નરેન્દ્ર મોદી સરકારમાં જ કરોડો રૂપિયાના કોલસા કૌભાંડમાં ભાજપના નેતાઓના હાથ કાળા થયેલા છે, મોદી સરકારમાં કરોડો રૂપિયાની જમીન કૌભાંડમાં પણ ભાજપના નેતાઓ જ સંકળાયેલા છે, કરોડો રૂપિયાનું મનરેગા કેભાંડ આચરીને મોદી સરકારે ગરીબોના મોઢાનો કોળિયો છીનવવાનું ામ કર્યુ છે, મોદી સરકારે આવાસ યોજનામાં કરોડો રૂપિયાનું કૌભાંડ આચરીને ગરીબ લોકોનું સપનાનું ઘર છીનવવાનું કામ કર્યુ છે, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે કૌભાંડ કરવામાં ભારત દેશના ખેડૂતોને પણ છોડ્યા નથી, ખેડૂતોના હકકનો કરોડો રૂપિયાનો પાક વીમો ખેડૂતોને મોદી સરકારે આપ્યો નથી અને તેમાં પણ કરોડો રૂપિયાનું કૌભાંડ આ ભાજપની સરકારે આચરેલ છે, મોદી સરકારમાં મહાકાય જીએસટી કૌભાંડ આચરીને ભારત દેશના વેપારીઓની કમર તોડવાનું કામ કર્યુ છે, મોદી સરકારમાં જીએસપીસી કૌભાંડ ૧૮,૦૦૦ કરોડનું થયેલું છે, મોદી સરકારમાં શૌચાલય કૌભાંડ પણ કરોડો રૂપિયાનું થયેલ છે, નરેન્દ્ર મોદીની સરકારે નોટબંધી વખતે સમગ્ર ભારત દેશના નાગરિકોને લાઈનમાં રાખીને સેથી મોટું ૪ લાખ કરોડ રૂપિયાનું કૌભાંડ ભાજપની સરકારમાં થયેલ છે, સંરક્ષણની વાતો કરતી મોદી સરકાર કૌભાંડ કરવામાં સંરક્ષણ ક્ષેત્રને પણ બાકાત રાખ્યું નથી, ભારત દેશ ઉપર જયારે કોરોના રૂપી આફત આવી ત્યારે નરેન્દ્ર મોદીએ આફતને અવસરમાં બદલીને કરોડો રૂપિયાનું કોરોના કૌભાંડ આચરેલું છે, કોરોના જેવી ખતરનાક મહામારી સામે લડવા માટે નરેન્દ્ર મોદીએ દેશના લોકોને આર્થિક મદદ માટે હાકલ કરી હતી, ત્યારે ભારત દેશના લોકોએ દેશપ્રેમ બતાવીને લાખો કરોડો રૂપિયાનું દાન ભારત સરકારને આપેલું હતું.

જેને નરેન્દ્ર મોદીએ પ્રાઈવેટ પીએમ કેર ફંડ બનાવીને સમગ્ર કરોડો રૂપિયા તેમાં નાખીને અબજો રૂપિયાનું કૌભાંડ કરવામાં આવ્યું છે, અને છેલ્લે ઈલેક્ટ્રોરલ બોન્ડના માધ્યમથી લાખો કરોડો રૂપિયાનું કૌભાંડ નરેન્દ્ર મોદીની સરકારે કર્યુ છે, અને તેથી જ ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં બોન્ડ ભાજપ પક્ષને ક્લીન બોલ્ડ કરશે.

## બાબરાપુર : સર્વોદય આશ્રમ ખાતે ભુતપુર્વ તાલીમાર્થીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૨૩



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

સર્વોદય આશ્રમ. બાબાપુર. મુકામે સર્વોદય આશ્રમના ૭૫ વર્ષની ઉજવણી ના ઉપક્રમે મહિલા અધ્યાપન મંદિર બાબાપુર ભૂતપૂર્વ તાલીમાર્થી બહેનો નો સ્નેહ મિલન કાર્યક્રમ સર્વોદય સરસ્વતિ મંદિર, બાબાપુર સંસ્થા દ્વારા યોજાયેલ હતો. જેમાં આશરે ૨૫૦ બહેનો સમગ્ર ગુજરાત રાજયમાંથી ઉપસ્થિત રહી હતી બાબાપુર અધ્યાપન મંદિરની સ્થાપના સને ૧૯૬૩ માં હસુમતીબેન પુરોહિત ના માર્ગદર્શનમાં થયેલ હતી જે ૬૦ વર્ષોથી અવિરત શિક્ષણની જયોત બહેનોમાં જલાવી રહી છે. ગાંધીજીના સિદ્ધાંતોને અપનાવી પૂ. ગુણવંત રાય પુરોહિત અને હસુમતીબેન પુરોહિત એ ગ્રામ ઉત્થાનના કાર્ય અને ખાસ કરીને બહેનોને યોગ્ય શિક્ષણ મેળવી પગભર બની શકે એ હેતુથી પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી સમાજના અસંખ્ય લોકોના જીવન ઘડતર કાર્ય રહેલ. આજે આ મંદાકિની બહેન પુરોહિત આ સેવા યજ્ઞ ને આગળ ધપાવી રહેલ છે. કાર્યક્રમમાં ભૂતપૂર્વ તાલીમાર્થી બહેનોએ પોતાના સંસ્મરણો વાગોળ્યા અને ગુરુજનો ના આશિષ મેળવ્યા. સાથે સાથે વય મર્યાદાને કારણે નિવૃત થતાં અધ્યાપન મંદિર કર્મચારી કૈલાસબેન નાકરાણી નું પણ સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના કર્મચારીઓ અને આ મંદાકિની બહેન પુરોહિતના માર્ગદર્શનમાં પૂર્ણ કરેલ.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ચકલી ઘર તથા પાણીના કુંડાનુ વિતરણ



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ ખાતે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ થઈ રહી છે. જેમાં હાલ ઉનાળાની ગરમીમાં ચકલલીઘર તથા પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું. આજના સમયમાં લુપ્ત થતી ચકલીઓને બચાવવા સંસ્થા દ્વારા દર વર્ષે ૧૦૦૦ ઉપરાંત ચકલીઘર અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ શાળાના બાળકો તથા કોલેજની દીકરીઓ અને ગ્રામજનોને આ કીટ વિતરણ કરવામાં આવી હતી. આ ચકલીઘર ના માધ્યમથી ઘેર–ઘેર ચકલીઓ અને કલરવ થશે. અને આસપાસનું વાતાવરણ નયનરમ્ય બનશે. તો આપણે પણ એવો સંકલ્પ કરીએ કે આપણા ઘરે અવશ્ય એક ચકલી ઘર લગાવશુ અને ચકલીઓને બચાવશું .આ ચકલીઘર ની સાથે પાણી માટેના કુંડાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જેમાં પક્ષીને પીવા માટેનું ઠડું પાણી રાખી શકાય.પૂ.રતિદાદા પક્ષી પ્રત્યેનો પ્રેમ વ્યકત કરરતા ચકલીઘર, તથા પાણીના કુંડાનું વિતરણ કરી પીવા માટેનું ઠંડુ પાણી રાખી શકાય. રતિદાદાએ પક્ષી પ્રત્યેનો પ્રેમ વ્યકત કરતા ચકલીઘર, તથા પાણીના કુંડાનું વિતરણ કરી સમાજને નવું ઉદાહરણ બતાવવાની સાથે એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો. ચકલીઘર અને પાણીના કુંડા માટે આર્થિક સહયોગ નવીનભાઈ શેઠ – મુંબઈ તરફથી પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમ સફળ બનાવવા ડાયરેકટર ભારત ભુષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતા, તેમજ સ્ટાફે જહેમત ઉઠાવી આ અભિયાન ને સફળ બનાવ્યું હતું.

# દિલ્હી ખાતે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં દિલીપ સંઘાણીનું સંબોધન






સહકારી પ્રવૃતિ માત્ર રાજય કે પ્રાત–પ્રદેશ પુરતી સીમીત નથી આ ક્ષેત્રનો શિક્ષણમા પણ ઉપયોગ થવો જરૂરી છે અને યુવાનો માત્ર શિક્ષણ સાથે સહકારી પ્રવીતઓને પણ આશાના કિરણ તરીકે નિહાળે તેમ દિલ્હી સ્થિત જવાહરલાલ નહેરૂ યુનિવર્સીટી (જેએનયુ) ખાતે આયોજીત સહકારી કાર્યક્રમને સબોધતા એન.સી.યુ.આઈ. ના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવવા સાથે કેન્દ્રીય ગૃહ–સહકાર મંત્રી અમીતભાઈ શાહના સહકાર વિઝનની વર્તમાન અને પ્રવર્તમાન સહકારી ક્ષેત્રેની વિકાસ અસરોમા યુવાનોની સામેલગીરી શૈક્ષણીક સાથે સહકારી વિકાસમા કેટલી લાભકારક બની રહેશે તે વિશે છણાવટ કરી હતી. રાષ્ટ્રવિરોધી પ્રવૃતિમા જેમનુ નામ વારવાર ઉલ્લેખાય છે. તેવી દિલ્હી સ્થિત જે.એન.યુ. યુનિવર્સીટી ખાતેના કાર્યક્રમમાં સબોધન વેળા દિલીપ સંઘાણી એ ભારત માતાના જયઘોષથી રાષ્ટ્રપ્રેમની ઝલક જોવા મળી હતી. અમીતભાઈ શાહ અને દિલીપ સઘાણી દ્વારા શિક્ષણ સાથે સહકારી પ્રવૃતિ અપનાવવાથી યુવા વિકાસ નોધનીય બની રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. કાર્યક્રમમા આરબીઆઈ બોર્ડ સદસ્ય સતિશ મરાઠે, યુનિ.ફેકલ્ટી સદસ્ય ડો.સુધિર સુથાર, એડમીનીસ્ટ્રેશન ડો.એસ.એન. ત્રિપાઠી, નેશનલ સુગર ફેકટરી લી. ના પ્રકાશનાયક નાવરે અને એન.સી. ડીએકસ.ના અરૂણ રાસ્તે સહિત વિશાળ સખ્યામા વિદ્યાર્થીઓ, અધિકારીગણ ઉપસ્થિત રહયા હતા તેમ યાદીમાં જણાવાયેલ છે.

### જાગૃત નાગરિકે પ્રધાનમંત્રીને પત્ર પાઠવ્યો

## ગ્રામ્ય વિસ્તારમાં ખાતરનો ખાડો બનાવવાની પધ્ધતિમાં ફેરફાર કરી નાણાનો દુર્વ્યય અટાવવો

### રકાબી આકારનો ખાડો જમીનમાં ઉંડે કરવો જરૂરી

અમરેલી, તા. ૨૩

ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત અપાતી યોજના પૈકી ભારતના દરેક ગામડાઓમાં ગ્રામ પંચાયતના માધ્યમથી ગામમાંથી કચરાનો યોગ્ય નિકાલ થાય. ગામડું સુંદર, સ્વચ્છ અને રોગચાળોના ફેલાય અને ગામમાંથી એકત્રીત કરેલ કચરામાંથી સુકો અને ભીનો કચરો જુદો પાડી ભીના કચરાને કમ્પોઝ પીટ (ખાતરના ખાડા)માં નાખી સેડવવામાં આવે અને સડી ગયા બાદ જે ભીના કચરાનું ખાતર બને આમ ભીના અને સૂકા કચરાનું વિભાજન કરી તેનું ગ્રામ પંચાયત દ્વારા વેચાણ ગ્રામ પંચાયતને આવકનો સ્ત્રોત ઊભો થાય



તે ખાતરનો ગામના ખેડૂતોની જમીનોમાં ઉપયોગ થવાથી જમીનો ફળદ્રુપ રહે અને આ બધી વ્યવસ્થા કરવાના ભાગરૂપે ગ્રામ્ય કક્ષાએ રોજગારીનું સર્જન થાય આવા સારા હેતુથી ભારત સરકાર દ્વારા દેશના દરેક ગામડે કમ્પોઝ પીટ (ખાતરના ખાડા)નું નિર્માણ હાલ થઈ રહ્યું છે પરંતુ કમ્પોઝ પીટ (ખાતરનો ખાડો) બનાવવાની પદ્ધતિ જમીનના ઉપરના ભાગે હોવાથી જેનો હેતુ સિદ્ધિ થતો જણાતો નથી.

આ સ્વચ્છ ભારત યોજના અંતર્ગત પૈકીની કમ્પોઝ પીટ (ખાતરના ખાડા)ની યોજનાનો હેતુ સિદ્ધ કરવા જેવી રીતે ગ્રામ્ય કક્ષાએ ગામડાના લોકો અને ખેડૂતો જમીનના અંદરના ભાગે ખાડો કરી કચરો ખાડામાં નાખી ખાતર બનાવતા હોય આમ કરવાથી કચરાને જમીનના અંદરના ભાગે જમીનની ગરમી મળે અને તેમાં રહેલો ભેજ જમીન સરળતાથી શોષીલે તોજ થોડા સમયમાં સારું અને ગુણવતા વાળુ ખાતર બને.

ભારત સરકાર દ્વારા કમ્પોઝ (ખાતરના ખાડા) બનાવવાની પદ્ધતિ (ડિઝાઈન)માં ફેરફાર કરી જે તે ગામની જરૂરિયાત મુજબ રકાબી આકારનો જમીનની અંદરના ભાગે છેલ્લો ખાડો કરી અને ખાડા ફરતે એક થી બે ફૂટ પાકુ ચણતર કરવામાં આવે અને ખાડો બનાવવાની પદ્ધતિ (ડિઝાઈન)માં ફેરફાર કરવામાં આવે.

આમ અમારા મંતવ્ય પ્રમાણે અમો આપ સાહેબને કમ્પોઝ પીટ (ખાતરનો ખાડો) બનાવવાની ડિઝાઈનમાં ફેરફાર કરાવવા આપની પાસે રજૂઆત કરીએ છીએ તો આ યોજનામાં બાકી રહેલ દેશની ગ્રામ પંચાયતોમાં ઉપર જણાવ્યા મુજબ પ્રમાણેની ડિઝાઈન બનાવવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## ધારી : ગરમલી જીયાણી ગામે મારામારીની ઘટના બની

અમરેલી, તા. ૨૩

ધારી તાલુકાના ગરમલી જીયાણી ગામે રહેતા જગદીશભાઈ નાનજીભાઈ પરમાર નામનાં ૨૬ વર્ષિય યુવકના નાનાભાઇ પ્રકાશભાઇ નાનજીભાઇ પરમાર ગામમાં ગટરની કુંડી સાફ કરવાનુ કામ કરતા હોય. જે તેજ ગામે રહેતા આરોપી ભરતભાઈ અરજણભાઈ ખેતરીયાને સારૂ નહિ લાગતા આરોપીએ પ્રકાશભાઇને અપશબ્દો કહી શરીરે ઢીકા પાટુનો આડેધડ માર મારેલ અને બે વાર પ્રકાશભાઇને શેરીમાં પાથરેલ બ્લોક સાથે માથુ પકડી માથા ભેર પછાડી અને સમાજને નીચુ દેખાડવાનુ ગટર સાફ કરવાનુ કામ હવે પછી કરતો નહિ, નહિતર તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી પ્રકાશભાઇને આરોપીએ હાથમા નળીયુ લઈને મારવા દોડી પ્રકાશભાઇને આરોપીએ માથાભરીયા પછાડતા તેને માથામા વાગતા આંચકીઓ આવે જેનુ સીટીસ્કેનમાં પણ નિદાન ન થઈ શકે તેવી મહાવ્યથા કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## રાજુલામાં રહેણાંક મકાનમાંથી ૫ હજારનાં મુદ્દામાલની ચોરી

અમરેલી, તા. ૨૩

રાજુલાના વોરાવાડ, ખડપીઠ વિસ્તારમાં રહેતા અબ્બાસીભાઈ કુરબાનહુસૈન ચૌહાણ નામનાં ૫૮ વર્ષિય વેપારી ગતતા. ૨૧ના રોજ સાંજના આશરે પોણા સાતેક વાગ્યાથી સાડા સાત વાગ્યા દરમ્યાન તેમના પરિવારના બધા સભ્યો તેમના ઘરે મેઈન દરવાજે તાળુ મારી રમજાન મહિનો હોય જેથી નમાજ પઢવા માટે ગયેલ હોય. તે અરસામાં કોઈ અજાણ્યો ચોર ઈસમ તેમના ઘરના મેઈન દરવાજાનુ તાળુ કોઈ હથીયાર વડે તોડી ઘરમાં પ્રવેશ કરી રસોડાનો દરવાજો ખોલી સામાન ફંફોળી રસોડાનો દરવાજો બંધ કરી બાદ હોલના દરવાજાનુ તાળુ હથિયાર વડે તોડી હોલમાં પ્રવેશી હોલની અંદર દિવાલમાં આવેલ લાકડાનો કબાટ ખોલી સામાન ફંફોળી કબાટમાં રાખેલ પતરાના ડબ્બો (ગલ્લા)માં રાખેલ પરચુરણ જુના–નવા સિક્કાઓ તથા ચલણી નોટો તથા કબાટમાં રાખેલ બીજા પરચુરણ મળી આશરે રૂપિયા ૫,૦૦૦ની કોઈ અજાણ્યો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## હોળીની જાળનું દિશા દર્શન કરજો

બગસરા, તા. ૨૩

હોળી એટલે કે હુતાશની પર્વ દર વર્ષે આવે છે અને પૌરાણિક સમયથી તેનું અનેઢં મહત્વ રહેલું છે.

હોલિકા દહન એટલે આસુરી શક્તિઓનું દહન. આપણા દોષ નિવારણ માટેનું આ પર્વ પ્રેરણાદાયી છે. હોલિકા દહન સાથે આપણે આપણી અંદર રહેલી આસુરી શક્તિઓનું પણ દહન કરવું જોઈએ. બગસરા થી દર્શન ઠાકરના જણાવ્યા અનુસાર હોળીની જાળ નું દિશા દર્શન આવનારા ચોમાસા ના વર્ષ ફળ માટે પણ ખૂબ અગત્યનો માનવામાં આવે છે. જેથી દર વર્ષે ઉતાસણી ની જાળ, ચૈત્રી દનૈયા અને અખાત્રીજના પવન પરથી વર્ષ ફળનું અનુમાન કરવામાં આવે છે.

હુતાસણીની જાળ જો પૂર્વ તરફ જાય તો પ્રમાણસર વરસાદ થાય, રાજા અને પ્રજા સુખી થાય પશ્ચિમ તરફ જાય તો ઘાસચારા પુષ્કળ પ્રમાણમાં થાય, ઉત્તરમાં ધાન્યની વૃદ્ધિ થાય અને જો દક્ષિણ તરફ જાય તો દુષ્કાળ આવે તેવું માનવામાં આવે છે. ઉંચે સીધી જાય તો રાજા અને દેશ બંને ઉપર સંકટ આવે અને જો ચારે બાજુ ઘોળાય તો રાજા અને પ્રજા બંને જૂરવે તેવું માનવામાં આવે છે. તારીખ ૨૪ માર્ચ અને રવિવાર ના રોજ આ વર્ષે હોલિકા દહન હોય દરેક જાણકારોને દિશા દર્શન કરવા વિનંતી છે. જોકે હુતાસણી બાદ સામીજાળ પૂર્ણ થતાં અટકેલા શુભ કાર્યોની ફરીથી શરૂઆત થશે. રવિવારે આવતી હોળીનું ફળ ઉત્તમ માનવામાં આવે છે.

### પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં

## બાબરામાં ચકચારી બનેલ હત્યા કેસનાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો

### બચાવ પક્ષે એડવોકેટ જે.આર. વાળાની દલીલો સફળ રહી





બાબરા, તા. ૨૩

બાબરાનાં ચકચાર હત્યા કેસનાં આરોપીઓનો કેસ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા બચાવપક્ષના એડવોકેટની દલીલોનાં આરોપીઓને નિર્દોષ છોડી મુકવા હુકમ થયેલ છે.

આ કામની બનાવની વિગત એવી છે કે બાબરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૩૦૩૪૨/૨૧ ના કામે આઈપીસી ૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪ અને ૩૨૫ વિગેરે કલમમાં આરોપીઓ દિપુભાઈ ઉર્ફે દિપુ, પ્રમોદભાઈ ગોયલ તથા કિશનભાઈ લાદુલાલ ગુજજર તથા કલ્લુભાઈ ભગનદાસ ગોયલની અટક કરવામાં આવેલ. આ કામની વિગત જોઈએ તો તા. ૧૬/૦૭/૨૩ નાં રોજ ૨૧:૦૦ કલાકે સમયગાળા દરમ્યાન બાબરા મુકામે કરીયાણા રોડ પર આવેલ ભવાની સીરામીકસનાં કારખાનામાં આ કામના ફરીયાદીના કૌટુંબીક કાકા મરણ જનાર છોટુભાઈ લખુભાઈ ગોહિલ તથા આ કામનાં આરોપીઓ સાથે કામ કરતા હોય તથા મરણ જનારને આરોપીઓ સાથે અગાઉ બોલાચાલી થયેલ હોય જે બાબતનું મન દુઃખ રાખી આરોપીઓ દ્વારા છોટુભાઈની હત્યા કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ આપેલ જે કામે ફરીયાદી તથા પંચો તથા સાદેદો તથા સરકારી સાદેદો તથા કેસના તપાસ કરનારને તપાસતા અંતે કોર્ટ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ તે કામે આરોપીઓ વતી વિધ્વાન ધારાશાસ્ત્રી જે.આર. વાળા તથા એચ.આર. મેવાડા તથા એન.પી. વસાણીની દલીલો પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા ગ્રાહય રાખવામાં આવેલ.

## અમરેલી ખાતે બીએસએનએલના નિવૃત્ત કર્મચાર યુનિયનની બેઠક મળી



અમરેલી, તા. ૨૩

બી.એસ.એન.એલ.ના નિવૃત્ત કર્મચારીના યુનિયનની ડિસ્ટ્રિક્ટ કોન્ફરસ યોજાયેલ હતી. જેમાં યુનિયનના સર્કલ સેક્રેટરી ચાનીયારા, જૂનાગઢથી ચૂઘા, છત્રાલ, તેમજ મોટી સંખ્યામાં મેમ્બર્સ હાજર રહ્યા હતા.

અને ગયા વર્ષનો અહેવાલ રજૂ કરી કર્મચારીના પડતર પ્રશ્નોને હલ કરવાની ચર્ચા કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન મહેમાનોનું શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ હતું.

હોદેદારો દિનેશ રામાણી, કીર્તિ જોશીએ હિસાબ રજૂ કર્યો હતો. જયારે બુખારીભાઈએ સંચાલન કરેલ હતું. જયારે ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી આશા દવે એ આભાર વિધિ કરેલ હતી.























# અમદાવાદ : ઉમંગ અને ઉર્જાથી ભરપૂર સરસ્વતિ મંદિર



આલેખન : પ્રતાપ ખુમાણ–સાવરકુંડલા

આજરોજ શિક્ષણ અને સંશોધન સંસ્થા ઉમંગશ્રી મદ રાજચંદ્ર સેવા કેન્દ્ર જીવરાજ પાર્ક પાસે અમદાવાદ ની મુલાકાત શેઠ શ્રી કયુ ફાર્માના મેનેજિંગ ડિરેકટર જયકાંતભાઈ સંઘવી અને પરિવાર સાથે રહી આ સંસ્થાની મુલાકાત કરી ૨૦૦૩ થી દિવ્યાંગ(બધિર) બાળકો માટે કાર્યરત છે. સંસ્થામાં ૨૦ વર્ષ કરતા વધારે અનુભવી શિક્ષકો દ્વારા અધ્યતન શિક્ષણ નો ઉપયોગ કરી મુક બધિર બાળકોને શિક્ષણ અપાય છે. સંસ્થામાં નવજાત બાળકોથી શરૂ કરી ૧૮ વર્ષના બાળકોને શાળાકીય શિક્ષણ સાથે જુદી જુદી પ્રવૃત્તિ શીખવાડવામાં આવે છે. ભારતમાં ઉજવાતા દરેક તહેવારોની સમજ સંસ્થામાં તહેવારની ઉત્સાહથી ઉજવણી કરી શિક્ષણ આપવામાં આવે છે. તેમજ શૈક્ષણિક પ્રવાસ કરાવવામાં આવે છે. એક અગત્યનો સંસ્થાનો પોઈન્ટ દરેક બાળકોને સામાન્ય બાળકોની સમકક્ષ બનાવવા અને ૯૦ બાળકોને બીજી શાળામાં મોકલ્યા છે. વિશાળ સંકુલની અંદર અંદાજે ૧૧૦ બાળકોને સુંદર કેળવણી આપવામાં આવે છે અને કુદરતી રીતે જ સોલાર સિસ્ટમ લગાવેલ હોય વીજળીનો વપરાશ શૂન્ય છે. જયારે તેમના સંકુલની અંદર પાણી ભુગર્ભ જળમાં ઉતારવામાં આવે છે અને વેસ્ટ પાણી માટે બહાર બગીચામાં ઉપયોગ થાય છે. સંસ્થાના સ્થાપક અને મેનેજિંગ ડિરેકટર પ્રવીણભાઈ લહેરી છે તથા ડોકટર નંદલાલ માનસેતાએ સંસ્થાનો સંપૂર્ણ પરિચય આપેલ. હાલ તેમના દ્વારા વિમાં કોઈપણ સ્થળે બહેરા અને મૂંગા બાળકોને ઘરે બેઠા શિક્ષણ પ્રાપ્ત થાય તે પરત્વે સંશોધન કાર્ય કરી રહેલ છે. દરેક બાળકોને આત્મ નિર્ભર બનાવવા કોમ્પ્યુટર શિક્ષણ, ભાષા શિક્ષણ, બ્યુટી પાર્લર, સિવણ, આર્ટ એન્ડ ક્રાફટ, ભરત ગુથણ, જવેલરી મેકિંગ તેમજ એમ્બ્રોડરી જેવું શિક્ષણ આપવામાં આવે છે. તેમના દ્વારા બનાવેલ પેઈન્ટિંગ મન મોહી લઈ તેવા હોય છે અને તે પેઈન્ટિંગ વેંચી જે બાળકોએ બનાવેલ છે તેમને ઉપજેલ રકમ આપવામાં આવે છે. તેવી જ રીતે કાગળના માવામાંથી વેસ્ટ ઈન બેસ્ટ તરીકેની વસ્તુઓ પણ નિહાળેલ છે. ૧૦૦ કરોડ ઉપરાંતની મિલકત કોઈપણ જાતના નાણાકીય ઉપાર્જન વગર ફકત અને ફકત સેવા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા અપાયેલ દિવ્યાંગ મુકબધિર બાળકોની સેવા કરવામાં આવે છે. ઉમંગ સંસ્થાએ અમોને પરિવારમાં જોડી એક ઋણ જીવનભર અમારી ઉપર નાખી આપેલ છે. ભલે દાતા ન બની શકીએ પરંતુ એક પ્રચારક તરીકે અમો તેની સાથે હરહંમેશ રહી સેવા કરવાની તક ભૂલશુ નહીં. અમદાવાદ જવાનું થાય ત્યારે ઉમંગ બધિર શિક્ષણ અને સંશોધન સંસ્થા રજવાડું હોટલ પાસે જીવરાજપાર્ક અમદાવાદની મુલાકાત જરૂરથી લેશો.

## રાજુલા–રાજકોટ રૂટ ઉપર નવી બસનો પ્રારંભ થયો



રાજુલા, તા. ૨૩

રાજુલા–રાજકોટ વચ્ચે વ્હેલી સવારે ૫.૩૦ કલાકે નવી બસ સેવા શરૂ થતાં મુસાફર વર્ગમાં ખુશોની માહોલ જોવા મળી રહયો છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૦ | ૧૫૩૦ |
| ૨ | જુવાર પીળી | ૬૦૦ | ૭૦૦ |
| ૩ | ચણા | ૧૦૬૯ | ૧૦૮૭ |
| ૪ | એરંડા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૫ | મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| ૬ | જીરૂ | ૪૩૮૫ | ૪૩૮૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૬૧ | ૧૨૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૨૬ | ૧૩૧૫ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૨૯૦ | ૧૫૩૫ |
| ૪ | બાજરો | ૪૪૪ | ૫૩૩ |
| ૫ | જુવાર | ૮૮૬ | ૯૦૫ |
| ૬ | ઘંઉ ટુકડા | ૪૧૧ | ૬૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૨ | ૫૬૨ |
| ૮ | ચણા | ૯૩૭ | ૧૧૧૭ |
| ૯ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૧૬ |
| ૧૦ | કપાસ | ૯૯૨ | ૧૫૫૦ |
| ૧૧ | એરંડા | ૧૦૫૦ | ૧૧૩૨ |
| ૧૨ | જીરૂ | ૩૭૦૦ | ૫૦૩૦ |
| ૧૩ | રાયડો | ૮૦૦ | ૯૧૮ |
| ૧૪ | રાય | ૧૧૦૦ | ૧૨૧૫ |
| ૧૫ | ધાણા | ૧૩૭૦ | ૧૯૫૦ |
| ૧૬ | ધાણી | ૧૩૭૫ | ૨૫૪૦ |
| ૧૭ | અજમા | ૧૫૦૦ | ૨૫૧૦ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૧૧૬ |
| ૧૯ | સોયાબીન | ૮૦૦ | ૮૫૨ |

પાના ૧ ઉપરનું ચાલું

### અનાજનો રાજા ગણાતાં ઘઉંની

લોકવન અને ટુકડા એમ મુખ્ય બે જાતનું વાવેતર કરે છે. તેમણે વધુ જણાવ્યું હતું કે, ગત સાલની સરખામણીમાં ચાલુ વર્ષે ઘઉંના વાવેતરમાં અને ઉત્પાદનમાં નોધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાલું વર્ષે માવઠા અને ઈયળોનો ઉપદ્રવ રહેતા ઉત્પાદનમાં જે વિઘે ઉતારો મળવો જોઈએ તેટલો ખેડૂતોને મળ્યો નથી જેથી ઘટાડો જોવા મળી રહ્યો છે. બીજી તરફ યાર્ડમાં તેમજ બહાર બઝારોમાં પણ ભાવ સારો છે એટલે ખેડૂતોમાં સંતોષ છે.

હાલ લોકવન ઘઉંનો એક મણના ભાવ ૪૫૦ થી ૫૦૦ છે જયારે ટુકડા ઘઉંનો ભાવ ૫૫૦ થી ૬૫૦ સુધી બોલાયરહ્યો છે. બાબરા માર્કટિગયાર્ડમાં પણ દરોજ ૫૦૦ મણની આસપાસ ટુકડા અને લોકવન ઘઉંની આવક જોવા મળી રહી છે. અહીં પણ ભાવ સરેરાશ ૪૦૦ થી ૬૦૦ સુધી મળી રહેતા ખેડૂતોએ આત્મ સંતોષ વ્યકત કર્યો હતો.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૬૧ |
| ૨ | મગફળી | ૧૧૬૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં | ૪૪૦ | ૫૭૦ |
| ૪ | ચણા | ૧૦૬૧ | ૧૧૧૯ |
| ૫ | જીરૂ | ૪૨૩૦ | ૪૭૧૦ |
| ૬ | ધાણા | ૧૧૯૦ | ૧૭૩૦ |
| ૭ | મેથી | ૯૩૦ | ૧૧૧૦ |
| ૮ | રાઈ | ૧૦૩૦ | ૧૧૬૦ |
| ૯ | તુવેર | ૧૪૮૦ | ૧૮૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૨ |
| ૨ | ઘઉં | ૪૨૭ | ૫૩૬ |
| ૩ | ચણા | ૯૮૦ | ૧૦૭૬ |
| ૪ | ધાણા | ૧૨૮૦ | ૧૨૯૬ |
| ૫ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | મેથી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૭ | જીરૂ | ૪૫૦૧ | ૪૫૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૩૧ | ૧૨૩૬ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૪ | ૧૨૮૧ |
| ૩ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૬૦૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૧૦૦ |
| ૫ | જીરૂ | ૩૨૦૦ | ૫૦૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૧ | ૧૫૩૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૧૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૫૫ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૪૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૭૯૨ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૧૫૫ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૪૪૧ |
| ૧૩ | તુવેર | ૧૬૫૦ | ૨૧૦૦ |
| ૧૪ | એરંડી | ૧૧૨૫ | ૧૧૩૨ |
| ૧૫ | મેથી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૬ | રાય/રાયડો | ૮૫૦ | ૧૧૫૧ |
| ૧૭ | ધાણા | ૧૪૫૧ | ૧૮૫૧ |
| ૧૮ | સોયાબીન | ૮૦૦ | ૮૩૦ |

પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠા વિસ્તારમાં

દ્વારા નિયમિત ફેરણું પેટ્રોલીંગ માત્ર કાગળ પર થતું હોય ને વનવિભાગ દ્વારા રાખવામાં આવેલા ટ્રેકરો કે વનમિત્ર લાગતાં વળગતા અને માનીતાઓને રાખ્યા હોય ને આવા જ કર્મીઓના પાપે લાઈન શો રાજુલા–જાફરાબાદમાં ફૂલ્યા ફાલ્યા હોય જેને કારણે સિંહ કે સિંહણો હુમલાખોર બનતી હોય છે. ખાનગી કંપનીના પંકજ ભાલીયા નામના સિકયુરિટીને નિશાને બનાવેલ હુમલાખોર સિંહણે વીરાભાઈ વાઘેલા, અરવિંદ વાઘેલા અને હરેશ પંડયાને ઈજાઓ સિંહણે કરી હતી. અગાઉ ૨૦૨૨ માં જાફરાબાદના બાબરકોટમાં ૧ સિંહણ દ્વારા માનવ હુમલાઓ કર્યા હતા ને સિંહણને પકડવા માટે વનવિભાગ અને પોલીસે આખો રાજુલાની જાફરાબાદનો માર્ગ બંધ કર્યો હતો બાદ મહા મુસીબતે સિંહણ પકડાઈ હતી ને સારવાર દરમ્યાન સિંહણ મોતને ભેટી હતી. જયારે ૨૦૨૩ માં રાજુલાના વાવેરા ગામે સિંહણે આંતક મચાવ્યો હતો ને માનવ હુમલાઓ કર્યા હતા જેને વનવિભાગે પકડયા બાદ સારવાર દરમ્યાન સિંહણનું મોત થયેલું હતું જયારે ફરી વધુ એક સિંહણ આક્રમક બનીને ચાર ચાર વ્યકિતઓને ઈજાઓ પહોંચાડી તે જોઈને એવું લાગી રહ્યું છે કે સિંહણમાં હડકવા જેવી અસર થતી હોય જેને કારણે સિંહો આક્રમક બનીને માનવ હુમલાઓ કરી રહ્યા પાછળ પણ વનવિભાગે જરૂરી તપાસ કરવી જોઈએ તેવું સિંહ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે.

સિંહો દ્વારા માનવ હુમલાઓ કે સિંહોના મોત વખતે વનવિભાગના ડિવિઝનના અધિકારી ખાસ ઉપસ્થિત રહેતા હોય છે પણ રાજુલા–જાફરાબાદ વનતંત્રનું મુખ્ય ડિવિઝન શેત્રુંજી પાલીતાણા લાગતું હોય ને પાલીતાણાથી વનવિભાગના ડી.સી.એફ. આવતા નથી ને માત્ર કાગળ પર કામગીરીઓ કરતા હોવાની ફરીયાદો ઉઠી રહી છે.

શેત્રુંજી ડિવિઝનના વનવિભાગ દ્વારા રેલ્વે ટ્રેક પર સિંહોના મોત અને હુમલાખોર બનતા વન્યપ્રાણીઓ અંગે વન વિભાગના જ કર્મીઓ જવાબદાર મનાઈ રહ્યા છે. કેમ કે સિંહોના થતા લાઈન શો બાબતે રાજુલા–જાફરાબાદ વિસ્તારોમાં અધિકારીઓના માનીતા અને મનગમતા વ્યકિતઓ જ વનમિત્ર કે રેલ્વે લાઈન પર રાખવામાં આવેલા કર્મીઓ ખુદ સિંહો બતાવવાના ગોરખ ધંધાઓ કરતા હોવાની વિગતો સૂત્રોમાંથી મળી રહી છે.

સિંહો પાછળ સરકાર કરોડો રૂપિયાનું આંધણ કરી રહી છે પણ વાડ જ ચીભડાં ગળતા હોય તેમ વન વિભાગના જ અમુક કર્મીઓ ખાનગીમાં લાઈન શો કરતા હોવા છતાં રાજુલા–જાફરાબાદના અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાની ચર્ચાઓ વધુ સંભળાઈ રહી છે.

માત્ર રાજુલા–જાફરાબાદ પંથકમાં કેમ સિંહો હુમલાખોર બને છે કેમ માનવ હુમલાઓ કે સ્વાનોને થતા હડકવા જેવા રોગથી સિંહણો બચકા ભરવા દોડે છે તે અંગે ગાંધીનગરથી એક સ્પેશ્યલ નિષ્ણાંતોની ટીમ દ્વારા સર્વે કરાવવો જરૂરી હોવાનું સિંહ પ્રેમીઓ માની રહ્યા છે.

વનવિભાગ દ્વારા રાખવામાં આવેલા ટ્રેકરો કે વનમિત્રો દ્વારા સિંહોના જીપીઆરસી સિસ્ટમથી ફોટાઓ પડવાની સિંહોના અવલોકનો દર્શાવવાની કાયદેસરની પદ્ધતિઓ રાજુલા–જાફરાબાદ વનવિભાગ અનુસરે છે કે કેમ તે અંગે પણ ઊંડાણપૂર્વક તપાસ કરવી જરૂરી બની છે. સાથે આવા કર્મીઓના મોબાઈલ ડીટેઈલ કાઢવામાં આવે તો પણ સિંહોની પજવણી અને સિંહોના લાઈન શો અંગે પણ વનવિભાગને ઘણું જાણવા મળી શકે છે પણ અધિકારીઓના માનીતા કર્મીઓના પાપથી દેશની ધરોહર સમાનના સિંહો ગુમાવતા હોવાનો વસવસો પણ સિંહ પ્રેમીઓ કરી રહ્યા છે તે વાસ્તવિકતાઓ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૨ | ૧૫૩૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૦૦ | ૯૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ૨ | ચણા | ૯૦૦ | ૧૦૬૭ |
| ૩ | એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | ચણા સફેદ | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૫ | ધાણા | ૧૧૦૦ | ૧૬૦૫ |
| ૬ | ઘઉં લોકવન | ૩૦૮ | ૪૬૯ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૧૦ | ૪૬૮ |
| ૮ | સોયાબીન | ૮૭૨ | ૮૭૨ |
| ૯ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૦ | તુવેર | ૧૬૮૦ | ૧૬૮૦ |

પાના ૮ ઉપરનું ચાલું

### ધારીનાં કાંગસા ગામમાં

મેંદપરાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૪ ના તેઓ કાંગસા ગામે આવેલ તેમના કુળદેવી ખોડીયાર માતા તથા મામાદેવનાં મંદિરે આરતી કરવા માટે ગયેલ હતા ત્યારે ગર્ભગૃહની અંદર પ્રથમ માનસા પીર બાપાની દરગાહ બાદમાં ખોડીયાર માતાનુ મંદિર અને મામાદેવનું મંદિર આવેલ છે. ઈમાનસા પીર બાપાની દરગાહનો ગ્રીલની જાળીવાળો દરવાજો હોય તે ખુલ્લો હતો મંદિરમાં ખોડીયાર માતાની મૂર્તિની આગળ અને મામાદેવની મુર્તિ ઉપર નાના–મોટા ચાંદીના આશરે ૩૪ છતર અને ૧ નાનુ સોનાનું છતર હતુ તે જોવા મળેલ નહીં. જેથી રૂ. ૧૨,૨૦૦ ની કિંમતના સોના–ચાંદીનાં છતર કોઈ અજાણ્યો સખ્સ ચોરી કરી લઈગયાની ફરિયાદ નોંધાવેલ હતી.

દરમિયાન રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ પેટ્રોલિંગમાં હોય ત્યારે ચોરીના સોના–ચાંદીના છત્તર સાથે ટોળકી રાજકોટ તરફ આવી રહી હોવાની ચોક્કસ બાતમીના આધારે ટીમે ગોંડલ રોડ ચોકડી પાસે માલ્પારી ફાટક નજીકથી મેહુલ ઉર્ફે મામો ઉર્ફે ભરી ધનજી જેઠવા સહિત ચારને દબોચી તેની પાસેથી સોના–ચાંદીના છતર સહિત રૂપિયા ૫૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચોરીના બનાવનો ભેદ ઉકલી નાંખ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ચોરીના બનાવનો આરોપી રાજકોટનો મેહુલ ઉર્ફે મામા વિરૂદ્ધ શહેર પોલીસના અલગ અલગ પોલીસ મથકમાં ચોરી, મારામારી, ધમકી સહિતના ૩૧ નોંધાયેલ છે. જયારે સલીમ બ્લેથ વિરૂદ્ધ એક ગુનો નોંધાયેલ હોવાનું ખુલ્યું.

## જાહેર નોટિસ

**:// સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી //:**

અપીલ રજી. નં.૪૮/૨૦૨૪

અરજદાર : શ્રી વલ્લભભાઈ ગભરૂભાઈ પોકીંયા
રહે. ખીજડીયા રાદડીયા તા.જિ. અમરેલી.

**// વિરૂઘ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ખીજડીયા રાદડીયા તા. જિ. અમરેલી.

**// જાહેર નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામના **વલ્લભભાઈ ગભરૂભાઈ પોંકીયા** તેઓનો પુત્ર **પોંકિયા વિપુલકુમાર વલ્લભભાઈ** જન્મ **તા.૦૧/૦૧/૧૯૮૮** ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિઘ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ **તારીખ ૨૦/૦૩/૨૦૨૪ ના રોજ** મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૦ | ૧૨૦૯ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૮ |
| ૪ | બાજરો | ૫૧૧ | ૫૩૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૨ |
| ૬ | જુવાર | ૪૪૦ | ૯૦૭ |
| ૭ | મેથી | ૧૧૦૦ | ૧૩૩૩ |
| ૮ | તુવેર | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૯ | ચણા | ૭૫૦ | ૧૦૯૦ |
| ૧૦ | એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૧ | અજમા | ૨૩૨૪ | ૨૩૫૦ |
| ૧૨ | રાય | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૧૩ | રાજગરો | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૪ | ચોળી | ૭૫૧ | ૭૮૦ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ૧૬ | ધાણા | ૧૩૩૩ | ૧૪૦૦ |

## વન વિભાગની નિષ્ક્રીયતાનાં કારણે અવારનવાર માનવ હુમલાનાં બનાવો

# અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠા વિસ્તારમાં રાનીપશુઓનો ખૌફ

**કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં પણ વન વિભાગ સિંહોની સુરક્ષા કરી શકતું નથી**

**વન વિભાગનાં મોટાભાગનાં ટ્રેકરો કે વનમિત્ર નિયમ મુજબ ફરજ બજાવતા નથીની ચર્ચા**

**સિંહો દ્વારા જયારે માનવ ઉપર હુમલો થાય તે સમયે ઉચ્ચ અધિકારીઓ દોડી આવતા નથી**

**સિંહો દ્વારા માનવ ઉપર થતાં હુમલા માટે ઉચ્ચકક્ષાએથી ટીમ મોકલીને તપાસ કરવી જરૂરી બની**

અમરેલી, તા. ૨૩

દેશની આન, બાન અને શાન ગણાતા સિંહો દ્વારા માનવ હુમલાઓની ઘટનાઓ રાજુલા–જાફરાબાદ પંથકમાં ઘટતા હુમલાખોર સિંહણ દ્વારા ખાનગી કંપનીના સિકયુરિટી બાદ વનવિભાગના ૩ કર્મીઓને ઈજાગ્રસ્ત કરવાની ઘટનાથી વનવિભાગ દ્વારા હુમલાખોર સિંહણને પાંજરે પુરી દેવામાં આવી હતી.




જાણવા મળતી માહિતી મુજબ ગત રાત્રીના જાફરાબાદના લુણસાપુર નજીક આવેલી ખાનગી કંપનીના સિકયુરિટી પર એક ૫ થી ૯ વર્ષની સિંહણે હુમલો કરતા ઈજાગ્રસ્ત સિકયુરિટીને ખાનગી દવાખાને ખસેડવામાં આવ્યો હતો ને હુમલાખોર સિંહણ લુણસાપુરથી મિતિયાળા ગામ સુધી ગઈને ત્યાં વનવિભાગના ૨ ટ્રેકર અને વન વિભાગની ગાડીમાં કાચ ચડાવીને બેઠેલા ડ્રાઈવરને કાચ તોડીને સિંહણે ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે ટૂંકા સમયમાં સિંહણ દ્વારા ચાર ચાર માનવ હુમલાઓથી વનતંત્ર પણ ચોંકી ગયું હતું ને ૨ કલાકના રેસ્કયુ ઓપરેશન બાદ સિંહણ પાંજરે પુરાઈ હતી. પણ રાજુલા–જાફરાબાદ પંથકમાં છેલ્લા ૨ વર્ષમાં સિંહણ દ્વારા હુમલાઓની ઘટનાઓ વધી ગઈ છે ને સિંહણ માનવીઓ જોઈને દોટ મૂકવાની અને માનવ ઈજાઓ કરવાની ઘટનાઓ ચોંકાવનારી હોવાની વિગતો સામે સિંહો દ્વારા થતા માનવ હુમલાઓની ઘટનાઓ પાછળ વનવિભાગની ઢીલી નીતિ જવાબદાર હોવાનું સિંહ પ્રેમીઓ માની રહયા છે. એમનું મુખ્ય કારણ વનતંત્ર

અનુસંધાન પાના ૬ ઉપર

**રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ટોળકીને દબોચી લીધી**

## ધારીનાં કાંગસા ગામનાં બે મંદિરમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

**આરોપીઓ વિરૂધ્ધ ૩૧ ગુન્હા નોંધાયા છે**



અમરેલી, તા. ૨૩

બે દિવસ પહેલાં ધારીના કાંગસા ગામમાં આવેલ મેંદપરા પરિવારના કુળદેવી ખોડિયાર માતાજી અને મામદેવના મંદિરમાં થયેલ ચોરીનો ભેદ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી ચાર શખ્સોની ટોળકીને ગોંડલ રોડ ચોકડી પાસેથી પકડી સોના–ચાંદીના છતર સહિત રૂપિયા ૫૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ ધારીના સુખપુર ગામે રહેતાં વેપારી પ્રકાશભાઈ બાબુભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર





















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)